## પાઠ વિષે – પ્રાથમિક સ્કુલ

વિશ્વ હડકવા દિવસ નિમીતે સ્વૈચ્છીક ભાગ લેવા બદલ આભાર. આ માહિતી પત્ર આપને પ્રાથમિક સ્કુલના બાળકો માટે તૈયાર કરેલ પાઠ વિશેની જાણકારી આપશે.

## જાણકારીની અગત્ય :

જાણકારી વગર આપણે હડકવાથી થતા મૃત્યુઓને રોકવાના ધ્યેયને પ્રાપ્ત નહી કરી શકીયે. બાળકોને હડકવા, તેનાથી કેમ બચાય અને દુર કેમ રાખી શકાય તેની મૂળભુત વાતોને શિખવવાથી એક દિવસ જરૂર આવશે જયારે આ રોકી શકાય તેથી તેવા મૃત્યુ અટકી જશે.

જેમણે વિશ્વ હડકવા દિવસે પ્રસંગે ભાગ લીધો છે તેવા બાળકોને શિખવીને આપણે પુરા કુટુંબ સુધી પહોંચી શકીએ. તેઓ તેમના વાલીઓ અને સંબંધીઓ સુધી મહત્વનો સંદેશો પહોંચાડશે.

## આ પાઠ માંથી શું શીખવા મળશે. ?

વિશ્વ હડકવા દિવસમાં ભાગ લેવાથી, નીચે મુજબનું જાણવા મળશે.

- હડકવાથી થતી અસરો
- હડકવાને ફેલાતો કેમ રોકી શકાય
- કુતરાનાં કરડવાથી કેમ બચી શકાય
- હડકવાને કેવી રીતે નાબુદ કરી શકાય

## જાણકારી શું થશે. ?

પાઠ ટેસ્ટ પહેલાં અને તે પછી એમ બંને તબક્કાને આવરી લે છે. આ પાઠ અંતે મૌલિક પ્રશ્નો અને વિવિધ પસંદગીના રૂપમાં છે. તમે જણાવો તે પહેલાં અને પછી વિદ્યાર્થીના પ્રશ્નોના સાચા જવાબ આપવાની ક્ષમતાની નોંધ રાખવી. ત્યારબાદની પ્રવૃતિ, વિદ્યાર્થીની માહિતી ટુંકા ગાળા માટે યાદ રાખવાની ક્ષમતાને ચકાસશે.

લાંબાગાળે, શિક્ષણની ઉપલબ્ધી એ હશે કે તેનાથી બાળકોને કુતરાના કરડવાના કિસ્સા ઓછા બનશે, પાળતું કૂતરાઓના રસિકરણની સંખ્યા વધશે.

## પાઠ વિષેની સમજ :

પાઠની સંરચના એવી છે કે જેથી એમાં ભાગ લેનારા હડકવા, તેના અટકાવ અને તે માટે શું ભાગ ભજવી શકે તેના વિષે માહિતગાર થઇ શકે. તેમાં વિવિધ પ્રકારની પ્રવૃતિઓ અલગ અલગ રીતે આપેલી છે, જેનાથી બાળકોને રસ પડશે અને તેથી વિશ્વ હડકવા દિવસના પ્રસંગના સંદેશ ની અસર સારી પડશે.
વારંવાર મહત્વના મુદ્દાઓ કહેવાથી બાળકો જયારે રોલ પ્લે કરશે ત્યારે તેમને તે બરાબર યાદ રહેશે. જયારે તેઓ રોલ પ્લે કરશે તેનો વધારાનો લાભ તેમના શારીરીક  કાર્યમાં પડશે અને તેમનું ધ્યાન વધારશે.

તે વાતનું ધ્યાન રાખવું પડે કે બાળકો જયારે વર્ગ છોડીને જાય ત્યારે કૂતરાઓ વિષે તેમની બિનજરૂરી ડર કે તિરસ્કાર ન જાગે. તેમને એ વાતનું ધ્યાન કરાવવું કે જો કે કેટલાક કૂતરાં ખતરનાક હોઇ શકે પરંતુ તેમને સારી રીતે સાચવીએ તો તેઓ સરસ પાલતૂ બની શકે.

**પાઠ માટેની સામગ્રી :**

- કોમ્પ્યુટર અને સ્ક્રીન હોય તેવા કલાસરૂમ ( અથવા તેવી કોઇ જગ્યા)
- આપને એક પા. પો. પ્રેઝેન્ટેશન આપવામાં આવશે, જેમાં સમજ માટે નોંધો કરેલી છે. તેની પ્રિન્ટ્સ લઇ તેનો અભ્યાસ કરવો સલાહભર્યુ રહેશે.
- બાદની પ્રવૃતિ માટે પેપર અને પેન આપવામાં આવશે.